# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં હજુય મેઘમહેર

## જામખંભાળિયામાં ચાર કલાકમાં જ આઠ ઇંચ વરસાદ : માંગરોળમાં કલાકોના ગાળામાં ચાર ઇંચથી વધારે વરસાદ પડતા ચારે બાજુ જળબંબાકાર : છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૯૫ તાલુકાઓમાં નોંધાયેલો વરસાદ

અમદાવાદ,તા.૧૧

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મોનસુન જોરદાર રીતે સક્રિય રહ્યું છે. બીજીબાજુ ગીરસોમનાથ, જુનાગઢમાં ભારે વરસાદ થયો છે. બીજીબાજુ જામખંભાળિયામાં માત્ર ચાર કલાક ગાળામાં આઠ ઇંચથી વધુ વરસાદ થતા ચારે બાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. આવી જ રીતે સુત્રાપાડામાં આઠ ઇંચથી વધુ વરસાદ થયો છે. વિસાવદરમાં પણ આઠ ઇંચ જેટલો વરસાદ થયો છે. ઉમરપાડામાં ગઈકાલે ૧૬ ઈંચ વરસાદ થયા બાદ આજે પણ અતિભારે વરસાદ જારી રહ્યો હતો અને વધુ ચાર ઇંચ વરસાદ ખાબકી ગયો હતો. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદી માહોલ રહ્યો છે. જલાલપોરમાં કલાકોના ગાળામાં ચાર ઇંચથી વધુ વરસાદ થયો છે. આ ઉપરાંત ગીર સોમનાથના અન્ય વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. આજે સવારેથી ૮૫ તાલુકાઓમાં વરસાદ થયો છે. આજે સવારે છ કલાકના ગાળામાં માંગરોળમાં ચાર ઇંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. માણવદરમાં ત્રણ ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. કેસોદમાં બે ઇંચથી વધુ વરસાદ થયો છે. રાજકોટ, અમરેલી પંથકમાં પણ ધોધમાર વરસાદ પડ્યો છે. રાજ્યભરમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાકમાં ૯૫ તાલકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં ૨૦૦ મી.મી. અને જૂનાગઢ જિલ્લાના વિસાવદરમાં ૧૯૫ મી.મી. એટલે કે આઠ ઇંચ



જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજ તા.૧૧ સપ્ટેમ્બર સવારે ૬.૦૦ કલાક સુધીમાં વેરાવળ તાલુકામાં ૧૦૫ મી.મી., કોડીનારમાં ૧૦૦ મી.મી. અને જલાલપોરમાં ૯૮ મી.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં ચાર ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

આ ઉપરાંત ચોર્યાસી તાલુકામાં ૯૪ મી.મી., નવસારીમાં ૯૨ મી.મી., વાપીમાં ૯૦ મી.મી., મહુવામાં ૮૮ મી.મી.,અમદાવાદ શહેર અને ગઢડામાં ૮૫ મી.મી., દહેગામ અને ડોલવણમાં ૮૫ મી.મી., રાજુલા-માંગરોળમાં ૭૮ મી.મી., સાવરકુંડલામાં ૭૫ મી.મી. મળી કુલ ૧૧ તાલુકાઓમાં ત્રણ ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે કડી, ડભોઈ, બોટાદ, માલપુર, વલ્લભીપુર, ગાંધીનગર, ખંભાત, માંડવી, જાંબુઘોડા, સાણંદ, વાલોડ, માંગરોળ, જાફરાબાદ, વાગરા, કપરાડા, વંથલી, ધંધૂકા, મહુધા, પારડી, વસો, થરાદ, દસક્રોઈ, બગસરા, કામરેજ, વલસાડ, ધોલેરા, મહેમદાવાદ અને ઘોઘા મળી કુલ ૨૮ તાલુકાઓમાં બે ઇંચથી વધુ અને અન્ય ૫૦ તાલુકાઓમાં એક ઇંચથી વધુ વરસાદ થયો છે. આજે તા. ૧૧/૦૯/૨૦૧૯ને સવારે ૬.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધીમાં માણાવદરમાં ત્રણ ઇંચથી વધુ, કુતિયાણા, જૂનાગઢ, જૂનાગઢ શહેર, વિસાવદર, માંગરોળ, કેશોદમાં બે ઇંચથી વધુ અને તલાળા, વડીયા, ભેંસાણમાં એક ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે.

### સુરક્ષા સેતુ સોસાયટી અને પોલીસ લાઈન બોયઝ હેલ્પ સેન્ટર દ્વારા

## અંબાજી જતા પદયાત્રીઓની સેવા



હિંમતનગર, તા. ૧૧

સુરક્ષા સેતુ સોસાયટી સાબરકાંઠા તથા સાબરકાંઠા જિલ્લા પોલીસ પરિવાર તથા સેવાભાવી સંસ્થા ગુજરાત પોલીસ લાઈન બોય્ઝ હેલ્પ સેન્ટર સાબરકાંઠા જિલ્લા ટીમ દ્વારા અંબાજી પદયાત્રી જનાર શ્રદ્ધાળુઓને થાક લાગ્યો હોય એ સંદર્ભે સાબરકાંઠા જિલ્લાના લાઈન બોયે શ્રદ્ધાળુઓને પગનો થાક દૂર કરવાનો પગ માલીશ કરી થાક દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો અને એ ઉપરાંત રાત્રે પદયાત્રીઓ માટે જમણવાર પીરસવામાં સાથ સહકાર આપ્યો હતો. આ સેવામાં મદદરૂપ થવા માટે ગુજરાત પોલીસ લાઈન બોયઝ હેલ્પ સેન્ટર અરવલ્લી જિલ્લા ટીમના સક્રિય કાર્યકર્તા નિલેશકુમાર સુરેશભાઈ બારોટે સેવા કરવા માટે હિંમતનગર પોલીસ હેડ કવાર્ટર આવીને અમૂલ્ય સમય સેવા માટે ફાળવ્યો હતો. ગુજરાત પોલીસ લાઈન બોયઝ હેલ્પ સેન્ટર સંસ્થાનો ઉદ્દેશ પૃથ્વી પરના સમસ્ત માનવીઓ તથા પશુ-પક્ષીઓને આકસ્મિક સમયે મદદ કરવાનો છે.

હંમેશા કોઈપણ સેવાના કાર્યમાં હાજર રહેનાર સાબરકાંઠા જિલ્લાના સક્રિય લાઈન બોય જગદીશ ભાઈ રામજીભાઈ રાવળ, કલ્પેશ ભાઈ ધુળાભાઈ પરમાર, બળવંતસિંહ દેવડા, મયુરભાઈ દિનેશભાઈ વાળંદ, નિકુંજભાઈ કુબેરભાઈ પરમાર, પ્રદિપસિંહ ભંમરસિંહ રહેવર, દિપક સિંહ કાળુ સિંહ મકવાણા, નીલેશભાઈ સુરેશભાઈ બારોટ, મેહુલભાઈ આચાર્ય અંબાજી પદયાત્રીઓની સેવાનાં કાર્યોમાં સહભાગી રહ્યા હતા, જેમના પ્રતિ નટવરસિંહ ગિરધારીસિંહ રહેવર દ્વારા આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## સે-૧૬ ખાતે "તે મારી બદલી કેમ કરાવી" કહીને આધેડ પર હુમલો

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ ખાતે અંગત અદાવતમાં તકરાર થઈ હતી. આરોપીએ " તે મારી બદલી કેમ કરાવી"તેમ કહીને ફરિયાદીને અપશબ્દો બોલીને લોખંડની પાઈપ ગાડીના પાછળના ભાગે મારીને કાચ તોડી નાંખ્યો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૭ ખાતે રહેતા અને રોડ કોન્ટ્રાકટરનું કામ કરતા લખમણભાઈ ઓડેદરા (ઉં.વ.૫૦) બાર વાગ્યાના અરસામાં તેઓ સેકટર-૧૬ ખાતે બેઠા હતા. ત્યારે સે-૧૫ સાંઈ સ્પોર્ટસ ખાતે રસોઈયા તરીકે નોકરી કરતા પી.ડી.પરમારનો ફોન આવ્યો હતો. જેમણે તે મારી કેમ બદલી કરાવી કહીને અપશબ્દોનો વરસાદ વરસાવ્યો હતો. ત્યારબાદ તેઓ ટું-વ્હીલર લઈને સેકટર-૧૬ ખાતે આવી પહોંચ્યા હતા. તેની સાથે એક ઈનોવા ગાડીમાં બીજા ત્રણ શખ્સો આવ્યા હતા. ચારેય શખ્સોએ ગાળાગાળી કરી હતી. જેમાં પી.ડી.પરમારે લોખંડની પાઈપ ફરીયાદીની ફોર્ચુનર ગાડી પર મારીને કાચ તોડી નાંખ્યો હતો. ફરીયાદીએ શાંતિ જાળવવાનું કહેતા તેઓ પાઈપ લઈને મારવા આવતા ફરીયાદીએ પાઈપ પકડી પાડી હતી. આ સમયે ફરીયાદીના મિત્રોએ વચ્ચે પડીને તેમને છોડાવ્યા હતા. જે બાદ ચારેય શખ્સો જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા.

## વિરાતલાવડી ગામની એસઆરપી ગ્રુપ-૨ના અધિકારીઓએ મુલાકાત લીધી

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર જિલ્લાના વિરા તલાવડી ગામને એસઆરપી ગ્રુપ દ્વારા દત્તક લેવામાં આવશે. એસઆરપી કેમ્પની મુલાકાત લઈને વધુ વિગતવાર ચર્ચા માટે આમંત્રણ પણ પાઠવ્યું હતું. આ પ્રસંગે ગામના આગેવાન



નરોડા એસઆરપી ગ્રુપ-૨ ના કમાન્ડન્ટ સુધા પાંડે, ડીવાયએસપી ચૌધરી સહિત એસઆરપીના જવાનોએ બુધવારના રોજ વિરાતલાવડી ગામની મુલાકાત લીધી હતી.

અધિકારીઓએ ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લઈને ગ્રામજનો સાથે વાતચીત કરી હતી. વિરાતલાવડી ગામના અગ્રણીઓએ ચંદ્રેશભાઈએ જણાવ્યું હતું કે એસઆરપી દ્વારા ગામને દત્તક લેવાથી ગામના વિકાસ સાથે ગ્રામજનોને પણ સારો એવો ફાયદો થશે. એસઆરપી દ્વારા ગામમાં વૃક્ષારોપણ, સફાઈ અભિયાન, ભરતી સમયે ગામના યુવાનોને માર્ગદર્શન અને સ્પર્ધાત્મક પરિક્ષામાં મદદરૂપ થવા સહિતની કામગીરી કરશે.

## ધનસુરા તાલુકાના વડાગામ ખાતે વીજના ધાંધિયા

ગત રાત્રે વડાગામ ખાતે ૧૨ કલાકે ઉમિયાનગર સોસાયટીમાં વીજ ડૂલ થતા રહીશોની ઊંઘ હરામ થવા પામી હતી. વિગતવાર વડાગામમાં રાજપુર રોડ પર આવેલ કંપનીના અધિકારી એમ કહેતા કે વીજ લોડ વધારે કરવો પડશે તો બધા રહીશો ભેગા મળી લોડ વધારવા માટેની પ્રોસેસ કરી અને કીધા પ્રમાણે રૂપિયામાં એસ્ટીમેન્ટ પણ ભર્યો પણ હજુ આજ



ઉમિયાનગર સોસાયટીમાં અવાર નવાર વીજ ડૂલ થવાના બનાવો આમ તો છેલ્લા એક વરસથી ચાલ્યા કરે છે. બારે માસ વીજળી ડૂલ થઈ જાય છે તો અહીંયા રહીશોએ વારંમવાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ધનસુરા પોઈન્ટ પર આની રજૂઆત કરી પણ પ્રોપર સોલ્યૂશન થયેલ નથી, છેલ્લા ૩ મહિના પહેલા વીજ દિન સુધી વીજલાઈન ફેર બદલ કરેલ નથી. ગત રાત્રે ૧૨ કલાકે વીજ ડૂલ થતા ધનસુરા વીજ બોર્ડમાં ફોન કરતા ફોન ઉપાડતા નોહતા જયારે ૩ કલાક સુધી ફોનનો ટ્રાય જારી રાખતા વીજના રીશેપ્શન અધિકારીના જવાબ આધીન ૧ કલાકમાં વીજ આવી જશે પરંતુ સવારે ૧૦ વાગે સુધી વીજના કોઈ ઠેકાણે જોવા મળ્યા નહિ.

## આવતીકાલે શહેરમાં વિશ્વ આદિવાસી અધિકાર દિવસ ઉજવાશે

વિશ્વ રાષ્ટ્ર સંઘ-યુનો દ્વારા તા. ૧૩મી સપ્ટેમ્બરને "વિશ્વ આદિવાસી અધિકાર દિવસ" જાહેર કરવામાં આવ્યો છે. આ સંદર્ભે ગાંધીનગરમાં આગામી તા. ૧૩મી સપ્ટેમ્બરે વિશ્વ પર્યાવરણની જાળવણી અભિયાન અને આદિવાસી સંસ્કૃતિ ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ આદિવાસી અધિકાર દિવસે યોજાનાર "વિશ્વ પર્યાવરણની જાળવણી અભિયાન અને આદિવાસી સંસ્કૃતિ ગૌરવ યાત્રા" સવારે ૧૧.૩૦ કલાકે શહેરના સેક્ટર-૧૦-એ ખાતેના બિરસા મુંડા ભવન પાસેના છ-૩ સર્કલ ખાતેથી પ્રારંભ થઈ સેક્ટર-૧૧ના 'રામકથા મેદાન' ખાતે પહોંચી સભામાં ફેરવાશે. આ યાત્રામાં આધિવાસી સમાજના અગ્રણીઓ દ્વારા આદિવાસી સંસ્કૃતિ અને વિશ્વ પર્યાવરણના જતનને લગતા સંદેશ સાથે સભામાં તેમનું વક્તવ્ય આપશે તથા વિવિધ આદિવાસી સમુદાયની સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જોડાવા શહેરના તમામ આદિવાસી નાગરિકોને વિશ્વ આદિવાસી અધિકાર દિવસ ઉજવણી સમિતિ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.





## સે-૨૯ ગણેશ મંડળ દ્વારા ગણેશોત્સવ ઉજવાયો

જયશ્રી કૃષ્ણ પરિવારના ગણેશ મંડળ સે-૨૯ દ્વારા તૃતીય ગણેશોત્સવ મનાવવામાં આવ્યો હતો. ગણેશોત્સવની થીમ ત્રિરંગા કલરમાં સાથે ભારતીય સૈન્યના બટાલીયનના એક પોસ્ટ સાથે બનાવવામાં આવી હતી. જેમાં કારગીલ, ગીલગીર, અનંતનાગ, વૈષ્ણવદેવી, લેહ, લદાખ સાથે કલમ ૩૭૦ અને ૩૫ એ થીમ પર પોઈન્ટ પણ બનાવવામાં આવ્યા હતા. સ્થાપિત ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું વિસર્જન કુંડ બનાવી સોસાયટીમાં જ કરવામાં આવ્યું હતું. ગણેશોત્સવ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ અને રમત ગમત કાર્યક્રમ પણ યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં સોસાયટીના રહેવાસીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગણેશ મંડળના યુવાનો તથા બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું.

### પેટા ચૂંટણી... ● છેલ્લા પાનાનું ચાલુ

માટે આઈ.કે. જાડેજા અને આર.સી. ફળદુ, બાયડ માટે હર્ષદગીરી ગોસ્વામી અને પ્રદિપસિંહ જાડેજા તથા રાધનપુર કે.સી. પટેલ અને દિલીપજી ઠાકોરને જવાબદારી સોંપવામાં આવી છે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ટૂંક સમયમાં આ બેઠકો માટે નિરીક્ષકોની નિયુક્તી કરી અને ઉમેદવારોની પસંદગી અંગે પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષે પણ આ સાતેય બેઠકોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા માટે ગાંધીનગર સરકીટહાઉસ ખાતે બેઠક બોલાવી હતી. હવે આગામી શનિવારે આવી બીજી બેઠક યોજાશે તેમ મનાઈ રહ્યુ છે. બન્ને પક્ષોએ તો હાલ તૈયારીઓ આરંભી છે પણ રણનીતિ ચૂંટણીની જાહેરાત થતાં જ આખરી કરી દેવામાં આવશે. આ સાત બેઠકોમાંથી ૪ બેઠકો સાંસદ તરીકે ધારાસભ્યો ચૂંટાતા ખાલી પડી હતી તો બે બેઠકો કોંગ્રેસના અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાએ રાજીનામુ આપતાં ખાલી પડી છે. જ્યારે મોરવાહડફની બેઠક ખોટુ પ્રમાણપત્ર હોવાને લઈ તે બેઠક ખાલી કરવાનો હુકમ થતાં બેઠક ખાલી પડી હતી.

### મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

મોતીવાળા છીપ લઈને આવ્યો. એ છીપ તોડી અંદરથી મોતી કાઢવા માંડ્યો. ઘણી છીપમાંથી મોતી નીકળતાં હતાં.ઘણા ખાલી મળતાં હતાં. અમારા સહુ માટે આ નવાઈની વાત હતી. મધુમામા જેવા કેટલાક મોતી ખરીદવા માંગતા હતા. એમણે ભાવતાલ કરી એક મોતીના પચાસ રુપિયા નક્કી કર્યા. મધુમામાએ દસ મોતી ખરીદ્યાં. સુભાષે બેત્રણ ખરીદ્યાં. બીજા બેત્રણ જણાએ પણ સાચાં મોતી ખરીદવાનો લહાવો લીધો. એ પછી વેપારી ભાઈઓએ માણેક બતાવ્યાં. એય ખરીદાયાં. મને આવો કોઈ મોહ નથી એટલે હું બધો તમાશો જોતો બેસી રહ્યો.

સરોવર વચ્ચે વેપાર પત્યા બાદ હોડીએ ફરી ગતિ ધારણ કરી. આ વેળા લાંબું અંતર કાપી એક ટેકરા જેવા ભાગ પાસે નાવ અટકી. આ ટેકરા જેવા ભાગની પેલી બાજુએ સમુદ્ર મોજાં ઉછાળતો હતો. બધા આવી રેતીમા ચાલવા માંગતા ન હતા. ત્રણચાર જણા જ રેતી ખુંદવા તૈયાર થયા. આજુબાજુ બીજું કશું જોવા જેવું ન હતું. અડધો કલાક જેવું ચાલતાં સમંદર પાસે પહોંચી જવાયું. દરિયો જોઈને દિલડું ડોલ્યા વગર કેવી રીતે રહી શકે ? મનને આનંદ આનંદ થઈ ગયો. અનેક ફોટા પાડ્યા અને પાછા આવ્યા હતા તે રસ્તે હોડી પાસે આવ્યા. આ ટેકરા પર પહેલા કેટલાંક મંદિર હતાં. વાવાઝોડા અને તોફાનમાં એ એવા નષ્ટ થઈ ગયાં કે અત્યારે રેતીમાં એની એકાદ ઈંટ શોધવી મુશ્કેલ થઈ ચૂકી છે. કૂદરતની પ્રચંડ તાકાત સામે માનવીએ બાંધેલી ઈમરાતોની શી વિસાત ?

સરોવરનાં લહેરાતાં જળ અને એમાં ક્યાંક કૂદતી માછલીઓ જોતાં કિનારે આવ્યા ત્યારે સૂર્ય મથાળે જઈને આથમણે ઢળવા માંડ્યો હતો. બાબુસિંહવાળી હોડી અમારી પાછળ પાછળ આવી પહોંચી. પણ જાની કુટુંબવાળી હોડીએ પારાવાર રાહ જોવડાવી. એટલી બધી રાહ જોવરાવી કે મારા જેવાને તો ત્રણ ચા પીવી પડી. ત્રણ ચા પીવાની વાત તો મઝાની છે જ છે, પણ બીજી એક મજાની વાત પણ બનેલી. જે હું તમને નહીં કહું, કારણ કે એમાં મારા લેંઘાની ઈજ્જતનો સવાલ છે.

### ઈડી દ્વારા નોટીસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યો હતો કે, એશ્વર્યાએ બેંગલોરના બેલંદુર વિસ્તારમાં સોલ સ્પેસ સ્પ્રિટ મોલમાં ૭૬.૦૧ કરોડ રૂપિયામાં બિલ્ટ-અપ એરિયાની ખરીદી કરી છે. ઈડીની તપાસમાં એવી બાબત પણ સપાટી પર આવી છે કે, એશ્વર્યાને કેફે કોફી ડે માંથી ૨૦ કરોડ રૂપિયાની લોન મળી હતી. ઈડીની અધિકારીઓ દ્વારા આ સંદર્ભમાં પૂછપરછ પણ કરવામાં આવનાર છે. ઈડીએ મંગળવારના દિવસે શિવકુમાર સાથે જોડાયેલા મની લોન્ડરિંગના એક કેસમાં તેમની પુત્રીને નોટીસ ફટકારી હતી. શિવકુમારે જુલાઈ ૨૦૧૭માં બિઝનેસ ડિલ માટે પોતાની પુત્રીની સાથે સિંગાપુરની યાત્રા કરી હતી. આ યાત્રા હવે તપાસના ઘેરામાં આવી ચુકી છે. શિવકુમાર ૨૦૧૬માં નોટબંધી બાદથી જ આવકવેરા વિભાગની તથા ઈડીની તપાસ હેઠળ હતા. તેમના નવી દિલ્હી સ્થિત ફ્લેટ પર બીજી ઓગસ્ટ ૨૦૧૭ના દિવસે આવકવેરા વિભાગની તપાસ દરમિયાન ૮.૫૯ કરોડ રૂપિયાની બિન હિસાબી રોકડ રકમ મળી હતી. ત્યારબાદ આવકવેરા વિભાગે કોંગ્રેસના નેતા અને તેમના ચાર સાથીઓની સામે જુદી જુદી કલમો હેઠળ કેસ દાખલ કર્યો હતો. આ મામલામાં શિવકુમારની મુશ્કેલી વધી રહી છે.

### જડ કાઢીશું

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોશિશ કરી કે સરકારની યોજનાઓનો લાભ ખેડૂતોને મળી રહ્યો છે કે નહિ. પીએમએ પ્રદર્શનનું પણ અવલોકન કર્યુ. તેમાં ઘણી ટેકનિકોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. મોદીએ કહ્યું કે ચૂંટણીના પરિણામો બાદ કાન્હાની નગરીમાં પ્રથમ વાર આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ વખતે સમગ્ર ઉત્તર પ્રદેશના આર્શીવાદ મને અને મારા સાથીઓને પ્રાપ્ત થયા છે. દેશહિતના તમારા આ નિર્ણય માટે હું વ્રજભૂમિમાંથી તમારી સામે મસ્તક નમાવું છું. ભારતની પાસે શ્રીકૃષ્ણ એવો પ્રેરણા સ્ત્રોત રહ્યા છે, જેની કલ્પના પર્યાવરણ પ્રેમ વગર અધુરી છે. કાલિંદી જેને યમુના કહે છે. લીલું ઘાસ ચરતી તેમની ગાય. શું તેના વગર શ્રીકૃષ્ણની તસ્વીર પુરી થઈ શકે છે. શું દૂધ, દહી, માખણ વગર ગોપલની કલ્પના કોઈ કરી શકે છે. પ્રકૃતિ, પર્યાવરણ અને પશુધન વગર જેટલા આપણા આરાધ્ય દેખાય છે એટલું જ અધુરાપણું આપણને ભારતમાં પણ દેખાશે. પ્રકૃતિ સાથે સંતુલન બનાવીને જ આપણે નવા ભારત તરફ આગળ વધશે. મોદીએ કહ્યું કે આજે સ્વચ્છતા જ સેવા અભિયાનની શરૂઆત કરવામાં આવી. નેશનલ અનિમલ ડિસિસ પ્રોગ્રામને પણ શરૂ કરવામાં આવ્યો.

### હવે પોક..● અનુસંધાન પહેલાનું ચાલુ

સિંહે દેશ વિરોધી તાકાતોને ચેતવણી આપતા કહ્યુ હતુ કે તેમને ટુંક સમયમાં જ પોતાની માનસિકતાને બદલી દેવાની રહેશે. હવે દેશ વિરોધી માનસિકતા ધરાવનાર લોકો બચી શકશે નહીં. કાશ્મીરમાં કોઈ પણ પ્રકારની તંગ સ્થિતી નથી. જનજીવનને સામાન્ય કરવાના સતત પ્રયાસો થઈ રહ્યા છે. ઈન્ટરનેટ સેવા બંધ રાખવાના મુદ્દા પર તેમને કહ્યુ હતુ કે અમે આ સેવાને ટુંકમાં ચાલુ કરીશુ.

### ટ્રાફિક નિયમો

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિયમોને પાળશે તો દંડની રકમ ભરવાની પણ કોઈ જરૂર રહેશે નહીં. આ ભારે ભરકમ દંડની રકમનો હેતુ જાનહાનિને ઘટાડી દેવાનો રહેલો છે. ગુજરાત સરકારે ગઈકાલે જ દંડને ૯૦ ટકા સુધી ઘટાડી દેવાની જાહેરાત કરી છે. કેટલીક અન્ય સરકારો પર ભવિષ્યમાં આ અંગેની જાહેરાત કરી શકે છે. કેન્દ્રિય મંત્રીએ આ સંદર્ભમાં કહ્યું હતું કે, ભારતમાં દર વર્ષે માર્ગ દુર્ઘટનામાં ૧ લાખ ૫૦ હજારથી વધુ લોકોના મોત થઈ જાય છે. આમાંથી ૬૫ ટકા લોકોની વય ૧૮ થી ૩૫ વર્ષની હોય છે. દર વર્ષે ૨ થી ૩ લાખ લોકો માર્ગ દુર્ઘટનાના કારણે દિવ્યાંગ બની જાય છે. અમે યુવાઓની જાનની કિંમત સમજી રહ્યા છે. આ જ કારણસર જીવનને સુરક્ષિત બનાવવાના પ્રયાસ કરી રહ્યા છે. રાજ્ય સરકારો દ્વારા દંડની રકમ માફ કરવાના નિર્ણય પર ગડકરીએ કહ્યું હતું કે, પ્રદેશની સરકારોને આ અંગે નિર્ણય લેવાનો અધિકાર છે. રાજ્યો નિર્ણય લઈ શકે છે. આમા તેમને કોઈ વાંધો નથી. જે પણ રેવેન્યુ આવશે તે રાજ્ય સરકારો પાસે રહેશે. મંત્રી તરીકે તેઓ કહેવા માંગે છે કે, આ દંડ રેવેન્યુ માટે નહીં બલકે લોકોની જીંદગી બચાવવા માટે છે. કેન્દ્રીય મંત્રીએ એમ પણ કહ્યું હતું કે, દંડનો ઉદેશ્ય આવક વધારવા માટેનો રહેલો નથી. અમે માર્ગ દુર્ઘટનાને રોકવા માટે તથા માર્ગ સુરક્ષા ઉપર ધ્યાન આપવા માંગીએ છે. માર્ગ દુર્ઘટનાના મામલામાં ભારતનો રેકોર્ડ ખુબ ખરાબ રહેલો છે. જો લોકો પરિવહનના નિયમોને સારી રીતે પાળશે તો કોઈ પણ તકલીફ થશે નહીં. કોઈ દંડની રકમ ચુકવવી પડશે નહીં. પહલી સપ્ટેમ્બરથી નવા ટ્રાફિક નિયમો અમલી બન્યા બાદ આને લઈને દેશભરમાં હોબાળો મચી ગયો હતો. ગડકરીએ બચાવ કરતા કહ્યું છે કે, કઠોર કાયદાની જરૂર હતી કારણ કે લોકો ટ્રાફિકના નિયમોને લઈને ખુબ જ ઉદારશીલ બની ગયા હતા. ટ્રાફિકના નિયમોને પાળી રહ્યા ન હતા.

## મોડાસાના ગણેશ મહોત્સવમાં વેશભૂષા સ્પર્ધામાં નિવાન જોશી આકર્ષણનું કેન્દ્ર

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ગણેશ મહોત્સવ ઉજવતા યુવક મંડળો તરફથી બાળકો સહીત શહેરીજજનોમાં રહેલી વિવિધ સુસુપ્ત અવસ્થાને બહાર લાવવા વિવિધ




સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. મેઘરજ યુથ જંક્શન અને સોમનાથ મહાદેવ ખાતે યોજાયેલ વેશભૂષા સ્પર્ધામાં નીવાન નીરવ જોશી નામના બાળકે "સર્વ ધર્મ સમભાવ" હિન્દૂ, મુસ્લિમ, શીખ, ઈસાઈ સાથેની વેશભૂષા ધારણ કરી બેનર પ્રદર્શિત કરી મનમોહી લેતા પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.